અપીલ અરજી નં.૫૪,૫૫,૫૬ તા.૨–૫ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)
સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા.૧૪–૩–૧૧ની અરજીથી સુ.મ.પા. સેન્ટ્રલઝોનની અને ઉધનાઝોનની અંદર આવતી તમામ વોર્ડ ઓફિસોમાં સને ૨૦૧૦ ના વર્ષમાં તથા લીંબાયતઝોનની ૨૦૦૯ ના ૨૪/૪૮ કલાકમાં નિકાલ કરવાની કુલ ટોટલ કેટલી ફરિયાદ નોંધવામાં આવેલ છે? ફરિયાદ કયા વિસ્તારમાંથી આવેલ છે? ફરિયાદ નોંધાવનારનું નામ અને સરનામા? તારીખ અને સમય? નોંધાવેલ કુલ ટોટલ ફરિયાદમાંથી કેટલી કેટલી ફરિયાદનો નિકાલ કરવામાં આવેલ છે? અને કેટલી ફરિયાદ પેન્ડીંગ પડેલ છે? એનીમાહિતિ આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની અપીલ તા.૨–૫–૧૧ ની **SMC/FAP/** નં.૫૪,૫૫,૫૬ /૨૦૧૧–૧૨

શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા.૧૪–૩–૧૧ની અરજીથી સુ.મ.પા. સેન્ટ્રલઝોનની અને ઉધનાઝોનની અંદર આવતી તમામ વોર્ડ ઓફિસોમાં સને ૨૦૧૦ ના વર્ષમાં તથા લીંબાયતઝોનની ૨૦૦૯ ના ૨૪/૪૮ કલાકમાં નિકાલ કરવાની કુલ ટોટલ કેટલી ફરિયાદ નોંધવામાં આવેલ છે? ફરિયાદ કયા વિસ્તારમાંથી આવેલ છે? ફરિયાદ નોંધાવનારનું નામ અને સરનામા? તારીખ અને સમય? નોંધાવેલ કુલ ટોટલ ફરિયાદમાંથી કેટલી કેટલી ફરિયાદનો નિકાલ કરવામાં આવેલ છે? અને કેટલી ફરિયાદ પેન્ડીંગ પડેલ છે? એની માહિતિ આપવા બાબતે નિયત સમયઅવધિમાં કોઈ નિર્ણય મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨–૫–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. સદર અપીલ નં.૫૪,૫૫,૫૬ ની મુળ અરજી અને વિષય વસ્તુ સરખા હોઈ તેમજ એક જ અરજદાર હોઈ ત્રણેય અપીલોનું જોડાણ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા સાથે વરાછાઝોન ખાતે મળેલ અપીલના તબદીલીની વિગતો મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૮૫,૧૮૬ , ૧૮૭ તા.૧૦–૫–૧૧ થી અનુક્રમે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા ત્રણેય પત્રો એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) અને અરજદારને અપીલ અરજી સંદર્ભમાં ૨૦૦૯ માટે જે તે સમયે અપીલથી કોઈ રજુઆત કરેલ છે કે કેમ? તે સ્પષ્ટતા કરવા, હાલ અપીલનું વિષય વસ્તુ કયા વર્ષનું છે તે મુળ રજુઆત સંદર્ભે સ્પષ્ટતા કરવા જણાવવામાં આવે છે. અરજીમાં તેમણે જણાવેલ વિગતે જાહેર માહિતિ અધિકારીએ પ્રસ્તાવ કર્યાનુસાર દફતરી તપાસણી કરી માહિતિ –યાદી–ઉતારો, નકલ મેળવવા પ્રયત્ન કરેલ છે કે કેમ? કલમ ૭(૯) સાથે આમુખ મર્યાદિત નાણાંકીય સંશાધનો સહિત સરકારનું કાર્યક્ષમ સંચાલનની બાબત ધ્યાને લેતાં તપાસણી કરી માહિતિ–યાદી મેળવવા પ્રયત્ન કરેલ છે કે કેમ? તે વિગતો રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી તા.૧૯–૫–૧૧ ના રોજ પૂરક વિગતોમાં અરજદારની તા.૧૪–૩–૧૧ ની મુળ અરજી નિયમોનુસાર દિન–૫ માં સંપૂર્ણ તબદીલ કરેલ છે અને તબદીલ કર્યા અંગેના પત્રની નકલો તથા અરજદારની મુળ અરજીની નકલ રજૂ કરેલ છે. જેની કોમ્પ્યુટર પ્રોગ્રામમાં એન્ટ્રી કરવામાં આવેલ છે તેવું જણાવતો પત્ર મળેલ છે. અપીલ અરજી નં.૫૪ જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી. અપીલ અરજી નં.૫૫ જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૧૦૭૪ તા.૨–૬–૧૧ થી પૂરક વિગતનો પત્ર મળેલ છે. અપીલ અરજી નં.૫૬ જાહેર માહિતી અધિકારી તરફથી સા.ઝોન/આરોગ્ય/આ.નં.૧૨૬ તા.૧૦–૬–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, બીપીએલ કાર્ડની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/આરોગ્ય/આ.નં.૧૧૪ તા.૨–૫–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. તથા અરજદાર તરફથી પણ કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧૪–૩–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન, લીંબાયતઝોન તેમજ ઉધનાઝોનને સંબોધતી વરાછાઝોન ખાતે આપવામાં આવેલ. વરાછાઝોન તરફથી ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૮૦૬ તા.૧૬–૩–૧૧ થી સેન્ટ્રલઝોનની અરજી મ. જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરને તબદીલ કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનની અરજી પત્ર નં.ઈ.ઝેડ/ આરટીઆઈ /આ.નં.૮૦૩ તા.૧૬–૩–૧૧ થી મ. જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર લીંબાયતઝોનને તબદીલ કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનની અરજી પત્ર નં.ઈ.ઝેડ/ આરટીઆઈ/ આ.નં.૮૦૪ તા.૧૬–૩–૧૧ થી મ. જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર ઉધનાઝોનને તબદીલ કરવામાં આવેલ. જે બાબતે અરજદારે તા.૧૪–૩–૧૧ ના રોજ કરેલી અરજીઓનો જવાબ નિયત સમય મર્યાદામાં આપેલ નથી તેવું જણાવી જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને પક્ષકાર બનાવતી અપીલો તા.૨–૫–૧૧ ના રોજ કરવામાં આવેલ. જે બાબતે અત્રેથી બંને પક્ષકારોને

અપીલ સંદર્ભે પૂરક માહિતી માટે પત્રો પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પૂરક વિગતોમાં અરજદારે સૌ પ્રથમ તા.૧૫–૧૨–૧૧ ના રોજ આરટીઆઈ હેઠળ અરજી કરેલ. જેમાં તેઓએ પ્રત્યેક ઝોનમાં આવતા પ્રત્યેક વોર્ડ ઓફિસમાં સેને ૨૦૦૯ ના વર્ષમાં ૨૪/૪૮ કલાકમાં નિકાલ કરવાની ફરીયાદોની માહિતી માંગેલ હતી જે મુજબ તેઓને લીંબાયતઝોનના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૬૨૭ તા.૧૮–૧–૧૧ થી એક પત્ર પાઠવી સ્પષ્ટ પણે જણાવવામાં આવ્યું હતું કે ૨૪/ ૪૮ કલાકમાં નિકાલ કરવાની ફરીયાદો બાબતેનો રેકર્ડ (વોલ્યુમ) ઘણું મોટું હોય આ ફરીયાદના રજીસ્ટરો તા.૨૪–૧–૧૧ ના રોજ સાંજે ૪.૦૦ થી ૬.૦૦ દરમ્યાન ઝોન ઓફિસે રૂબરૂ કરી નિરીક્ષણ કરી જવા જણાવ્યું હતું છતાં તેઓ લીંબાયતઝોનની કચેરીએ આવ્યા ન હતાં ત્યાર બાદ મજકુર અરજદારે ફરીથી આ બાબત હેઠળ આઈ ડી નં.૮૦૩ તા.૧૪–૩–૧૧ થી અરજી કરેલ. જે અન્વયે અરજદારને અત્રેથી જાવક નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૮૫ તા.૨૬–૪–૧૧ થી જણાવવામાં આવ્યું હતું કે તા.૩૦–૪–૧૧ ના રોજ સાંજે ૪. ૦૦ થી ૬.૦૦ કલાક દરમ્યાન ઉપલબ્ધ રજીસ્ટરનો દફતરી ઈન્સ્પેકશન રૂબરૂ કરી જવું પરંતુ અરજદારે તે દિવસ પણ લીંબાયતઝોન ઓફિસે આવ્યા ન હતાં અને ઈન્સ્પેકશન કરી ગયેલ નથી. વધુમાં લીંબાયત ઝોનના તમામ વોર્ડના ૨૪/ ૪૮ કલાકની ફરીયાદના રજીસ્ટરો હાથ પર રાખવામાં આવેલ છે જેથી મજકુર અરજદારને ફરીથી આગામી તા.૬–૬–૧૧ થી તા.૧૦–૬–૧૧ ના ઓફિસ સમય દરમ્યાન રૂબરૂ ઈન્સ્પેકશન કરી જવા લેખિતમાં જાણ કરવામાં આવેલ છે જે દરમ્યાન જો તેઓ જેટલા પાનાની નકલ માંગેલ તેટલી જરૂરીયાત મુજબની નકલો પૂરી પાડવામાં આવશે તેમજ તેઓ માસવાર આવેલી ફરીયાદનો વોર્ડ વાઈઝ વિગતો પૂરી પાડવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. સાથે માંગેલ માહિતી કોમ્પ્યુટર ફરીયાદ નિવારણ પ્રોગ્રામમાં નોંધાયેલ નથી તેથી તેની પ્રિન્ટ ઉપલબ્ધ નથી. રજીસ્ટરના આધારે માંગેલ માહિતી અરજદારને આપવામાં આવેલ છે. આમ અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. તેમજ સદર બાબતે ઈન્સ્પેકશન બાબતે વારંવાર જણાવવામાં આવેલ છે પરંતુ અરજદાર તરફથી ઈન્સ્પેકશન મેળવવામાં આવેલ નથી. વધુમાં અત્રેથી અપીલ તબકકે પણ અરજદારને અપીલ અરજી સંદર્ભમાં ૨૦૦૯ માટે જે તે સમયે અપીલથી કોઈ રજુઆત કરેલ છે કે કેમ? તે સ્પષ્ટતા કરવા, હાલ અપીલનું વિષય વસ્તુ કયા વર્ષનું છે તે મુળ રજુઆત સંદર્ભે સ્પષ્ટતા કરવા જણાવવામાં આવે છે. અરજીમાં તેમણે જણાવેલ વિગતે જાહેર માહિતિ અધિકારીએ પ્રસ્તાવ કર્યાનુસાર દફતરી તપાસણી કરી માહિતી –યાદી–ઉતારો, નકલ મેળવવા પ્રયત્ન કરેલ છે કે કેમ? કલમ ૭(૯) સાથે આમુખ મર્યાદિત નાણાંકીય સંશાધનો સહિત સરકારનું કાર્યક્ષમ સંચાલનની બાબત ધ્યાને લેતાં તપાસણી કરી માહિતિ–યાદી મેળવવા પ્રયત્ન કરેલ છે કે કેમ? તે વિગતો રજુ કરવા જણાવામાં આવે છે. જે બાબતે અરજદાર તરફથી અપીલ સાથે કે અપીલ તબકકે કોઈ પૂરક વિગતો રજૂ કરેલ નથી. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને આપવામાં આવેલ ઈન્સ્પેકશન આરટીઆઈ એકટની કલમ–૭(૯) સાથે સુસંગત છે. જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી અરજદારને ઉધનાઝોન વિસ્તારના (૧) ખટોરા (૨) મીરા નગર (૩) ઉધના સંઘ (૪) વિજયાનગર (૫) પાંડેસરા બમરોલી (૬) પાંડેસરા હાઉસીંગ (૭) ભેદવાડ (૮) ભેસ્તાન (૯) ઉન ગાંભેણી (૧૦) વડોદ કુલ –૧૦ વોર્ડની ૨૪/૪૮ કલાક આવેલી ફરીયાદની અને નિકાલ કર્યા અંગેની આંકાડાકીય માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેની આશરે ૩૬૦૦ પાનાની નકલ પૈસા જમા કરાવ્યેથી આપી શકાય તેમ છે તેવું જણાવેલ છે. જે અંગે ૨૪/ ૪૮ કલાકની ફરીયાદોનું રજીસ્ટર ઉધનાઝોન ખાતે રૂબરૂ આવી અગાઉ જાણ કર્યાથી નિરીક્ષણ આપી શકાય તેમ છે તેવું જણાવેલ છે. આમ ઉધનાઝોન તરફથી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી કોઈ માહિતી પૂરી પાડેલ જણાતી નથી. કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૪–૩–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પૂરી પડાયેલ ન હોઈ માહિતી અંગે કલમ–૭(૯) સાથે આમુખ મર્યાદિત નાણાકીય સંશાધનો સહિતનું સરકારનું કાર્યક્ષમ સંચાલનની બાબત ધ્યાને લેતાં આરટીઆઈ એકટની કલમ–૭(૫) સાથે નિયમ–૫ (ક) હેઠળ ઈન્સ્પેકશન આપી અરજદારને દફતરી તપાસણી દરમ્યાન જરૂરી યાદી ઉતારાની નકલ મેળવવા દિન–૭ માં લાગત જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી લાગુ કિસ્સામાં અરજદારની માંગણી થયેથી હુકમની અમલવારી કરવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવા માં આવે છે.

(જે.એમ. પટેલ)
ડે.કમિશ્નર (પીએન્ડડી)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૧

પ્રતિ,

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ...જાણ તથા અમલ માટે .

(૨) શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ